# સુરત એરપોર્ટ પર મોંઘી ફ્લાઈટ ટિકિટ, અન્ય ખર્ચાથી પ્રવાસી પર વધતો બોજ



**ઉચ્ચ** યુઝર ડેવલપમેન્ટ ફી અને એરલાઇન્સની નીતિઓના કારણે સુરતથી ઉડાનો મોંઘી, મુસાફરો મુંબઈ-અમદાવાદ તરફ વળ્યા

સુરતઃ સુરત શહેરના ઉદયમાન એવિએશન સેક્ટર માટે ખર્ચનો મુદ્દો મોટો પડકાર બની રહ્યો છે. ખાસ કરીને એરપોર્ટ પર લાગતી યુઝર ડેવલપમેન્ટ ફી (UDF) અને અન્ય ઓપરેશનલ ખર્ચોના કારણે સુરતથી ફલાઈટ ટિકિટો અન્ય મોટાં શહેરોની તુલનામાં મોંઘી પડી રહી છે.

ચેમ્બરની એવિએશન કમિટીના અગ્રણી લિનેશ શાહ કહે છે કે, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સંચાલિત દેશના મોટા ભાગના એરપોર્ટ્સ પર UDF રૂ.800થી 900 સુધી વસૂલવામાં આવે છે. જેના કારણે રૂ.5000ની મૂળ ટિકિટ મુસાફરોને લગભગ રૂ.6000 સુધી પડી જાય છે.

તેના વિરુદ્ધમાં, પ્રાઇવેટ એરપોર્ટ્સ પર UDF માત્ર રૂ.190થી 250 વચ્ચે હોય છે, જેના કારણે મોટા પ્રાઇવેટ એરપોર્ટ્સ પરથી ઉડાનો ઘણીવાર સસ્તી મળે છે. આ તફાવત સુરત જેવા શહેર માટે સ્પર્ધાત્મકતામાં મોટી અડચણ ઊભી કરે છે.

સુરત એરપોર્ટ પર એર ટર્બાઇન ફ્યુઅલ (ATF) પર રાજ્ય સરકાર દ્વારા માત્ર 5 ટકા જેટલી રાહતી VAT દર લાગુ કરવામાં આવી છે, જે એરલાઇન્સ માટે ખર્ચ ઘટાડનાર મહત્ત્વપૂર્ણ પગલું છે. પરંતુ હકીકતમાં આ રાહતનો સીધો લાભ મુસાફરો સુધી પહોંચતો નથી. એરલાઇન્સ આ બચતને ટિકિટના ભાડામાં દર્શાવતી નથી, જેના કારણે ભાડા ઊંચા જ રહે છે.

ATF પર રાહત છતાં મુસાફરોને ફાયદો થતો નથી. ઉચ્ચ UDF અને મોંઘી ટિકિટોના કારણે મુસાફરો નજીકના મોટા એરપોર્ટ્સ જેમ કે મુંબઈ એરપોર્ટ અને અમદાવાદ ઇન્ટરનેશનલ તરફ વળી રહ્યા છે.

આ કારણે સુરત એરપોર્ટ પર મુસાફરોની સંખ્યા મર્યાદિત રહે છે, જેનાથી એરલાઇન્સને ઇકોનોમિક્સ ઓફ સ્કેલ પ્રાપ્ત થતી નથી. પરિણામે ભાડાં વધુ ઊંચા જ રહે છે અને એક દુષ્ચક્ર સર્જાય છે. સુરત જેવા ઝડપથી વિકસતા શહેર માટે મજબૂત એર કનેક્ટિવિટી અત્યંત આવશ્યક છે.

છતાં વધતા ખર્ચના કારણે એવિએશન વિકાસમાં અવરોધ ઊભો થયો છે. વિશેષજ્ઞો માને છે કે જો UDFને તર્કસંગત સ્તરે લાવવામાં આવે, તો સુરત એરપોર્ટની સ્પર્ધાત્મકતા નોંધપાત્ર રીતે વધી શકે છે અને વધુ એરલાઇન્સ અહીં સેવા શરૂ કરવા પ્રોત્સાહિત થશે. સુરત એરપોર્ટને સસ્તું અને સસ્ટેનેબલ એવિએશન હબ બનાવવા માટે એરપોર્ટ ઓથોરિટી, રાજ્ય સરકાર અનેએરલાઇન્સ વચ્ચે સંકલન જરૂરી છે.

ખાસ કરીને ATF પર આપવામાં આવેલી રાહતનો લાભ મુસાફરો સુધી પહોંચે તે માટે ભાડાની પારદર્શિતા લાવવી જરૂરી છે. આ મુદ્દો માત્ર મોંઘી ટિકિટનો નથી, પરંતુ સુરતના એવિએશન ભવિષ્ય, વ્યાપારિક વિકાસ અને રાષ્ટ્રીય કનેક્ટિવિટી સાથે સીધો જોડાયેલો છે. યોગ્ય નીતિ સુધારાઓ દ્વારા સુરતને સશક્ત એર હબ તરીકે વિકસાવવાની તાત્કાલિક જરૂર છે.

### હાલની સ્થિતિ શું છે?

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા સંચાલિત એરપોર્ટ્સ જેમ કે સુરત પર હાલમાં આશરે 850થી 900 રૂપિયા જેટલી યૂઝર ડેવલપમેન્ટ ફી (UDF) વસૂલાય છે. જો આ ફીમાંથી આશરે રૂપિયા 200-250 ઘટાડો થાય (માની લો 900 [illegible] 650), તો સિદ્ધાંત મુજબ ટિકિટનો કુલ ખર્ચ ઘટવો જોઈએ. UDF ટિકિટમાં અલગથી ઉમેરાતી હોય છે, એટલે ફી ઘટે તો ટિકિટનો કુલ ભાવ એટલો ઘટી શકે. દાખલા તરીકે ટિકિટસર વત્તા UDF 5000 + 900=5900 રૂપિયા, એટલે મુસાફરને સીધો 250 જેટલો ફાયદો થઈ શકે, પરંતુ વાસ્તવિકતા જુદી જોવા મળે છે. ઘણા કિસ્સામાં એરલાઇન્સ બેઝ ફેર વધારી દે છે. અથવા "ડાયનેમિક પ્રાઈસિંગ" પ્રમાણે ભાડું એડજસ્ટ કરે છે. એટલે UDF ઓછું થાય છતાં ટિકિટમાં પૂરતો ઘટાડો દેખાય જ એવું નથી. એરલાઇન્સ ડિમાન્ડ-સપ્લાય પર ભાડું નક્કી કરે છે. સુરતમાં મુસાફરોની સંખ્યા ઓછી હોવાથી સ્પર્ધા ઓછી છે. એટલે મળતી રાહત એરલાઇન્સ પોતાના માર્જિનમાં રાખી શકે.

### UDF ફી વિમાની મથકોની સરખામણી

| એરપોર્ટ | UDF (રૂપિયા) |
|---|---|
| સુરત (STV) | 879 |
| વડોદરા (BDQ) | 879 |
| દિલ્હી (DEL) | 150 |
| મુંબઈ (BOM) | 175 |
| બેંગ્લુરુ (BLR) | 260 |
| ચેન્નઈ (MAA). | 395 |
| અમદાવાદ (AMD) | 450 |

### સુરત અને વડોદરા એરપોર્ટમાં UDF સૌથી વધુ, મેટ્રો શહેરો કરતાં પણ ઊંચી ફી

લિનેશ શાહ કહે છે કે, સુરત (STV) અને વડોદરા (BDQ) એરપોર્ટ પરથી ઉડાન ભરતા મુસાફરો પાસેથી રૂપિયા 879ની યુઝર ડેવલપમેન્ટ ફી (UDF) વસૂલવામાં આવે છે. જે દેશનાં મોટાં મેટ્રો એરપોર્ટ કરતાં પણ ઘણી વધુ છે. સુરત અને વડોદરા એ ટિયર-2 એરપોર્ટ્સ હોવા છતાં, અહીંથી ઉડાન ભરતા મુસાફરોને ટિયર-1 મેટ્રો એરપોર્ટ કરતાં પણ ઘણી વધુ ફી ચૂકવવી પડે છે. જ્યારે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ મર્યાદિત છે.

## ગ્લોબલ ટેક્સ માર્કેટમાં કારીગરના પગમાં ખીલો આરપાર થઈ ગયો

સુરતઃ ઉમરવાડા સ્થિત આવેલી ગ્લોબલ ટેક્સટાઈલ માર્કેટની એક દુકાનમાં એક કામદારના પગમાં લાકડાંની સીડીનો ખીલો ઘૂસી જતાં ફાયર બ્રિગેડે તેનું રેસ્ક્યુ કર્યું હતું. દુકાનમાં કામ કરતો 24 વર્ષિય કારીગર મનીષ શાહ કામ પતાવી તે લાકડાંની સીડી મારફતે નીચે ઊતરી રહ્યો હતો ત્યારે સીડી અચાનક તૂટી ગઈ હતી અને તેથી લોખંડનો ખીલો તેના પગમાં ઘૂસી જતાં આરપાર થઈ ગયો હતો. કારીગરની બૂમાબૂમ સાંભળી માલિકો દોડી આવ્યા હતા અને બાદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. આથી માન દરવાજા ફાયર બ્રિગેડનો સ્ટાફ સ્થળ ઉપર પહોંચ્યો હતો. ફાયર સબ ઓફિસર જયદીપ ઈસરાનીએ જણાવ્યું હતું કે, તેમણે લાકડાંની સીડીનો આખો ભાગ તોડી કામદારના પગને મુક્ત કર્યો હતો અને આરપાર થયેલા લોખંડના ખીલા સાથે જ તેને 108 મારફતે મેડિકલ કોલેજમાં સારવાર માટે રવાના કરી દેવામાં આવ્યો હતો.

## 26મીથી સ્ટાર એરની મુન્દ્રા-સુરત ફ્લાઈટ સેવા શરૂ થશે

**રવિવાર,** સોમવાર, મંગળવાર, બુધવાર અને શુક્રવારે ફ્લાઈટ્સ ઉપલબ્ધ

**સુરત** અને કચ્છ વિસ્તાર વચ્ચેના વેપાર, ઉદ્યોગ અને પ્રવાસન ક્ષેત્રને મોટી રાહત મળશે



સુરતઃ હવાઈ મુસાફરીને વધુ સુલભ બનાવતા સ્ટાર એર દ્વારા આગામી તા. 26 એપ્રિલ 2026થી મુન્દ્રા અને સુરત વચ્ચે નિયમિત ફ્લાઈટ સેવા શરૂ કરવામાં આવી રહી છે. આ સેવા અઠવાડિયામાં પાંચ દિવસ એટલે કે રવિવાર, સોમવાર, મંગળવાર, બુધવાર અને શુક્રવારે ઉપલબ્ધ રહેશે.

મળતી માહિતી મુજબ, અલગ-અલગ દિવસોમાં ફ્લાઈટના સમયપત્રકમાં થોડો ફેરફાર રાખવામાં આવ્યો છે. મંગળવાર અને બુધવારે ફ્લાઈટ મુન્દ્રાથી સવારે 10:45 કલાકે ઉડાન ભરીને સુરત ખાતે 11:55 કલાકે પહોંચશે. ત્યારબાદ સુરતથી 12:15 કલાકે રવાના થઈને 13:15 કલાકે મુન્દ્રા પરત ફરશે. જ્યારે રવિવાર, સોમવાર અને શુક્રવારે મુન્દ્રાથી સવારે 10:45 કલાકે ઉડાન ભરાતી ફ્લાઈટ સુરત ખાતે 11:55 કલાકે પહોંચશે, પરંતુ પરત ફરતી ફ્લાઈટ સુરતથી બપોરે 15:25 કલાકે રવાના થઈને 16:35 કલાકે મુન્દ્રા પહોંચશે. આ નવી હવાઈ સેવા શરૂ થવાથી સુરત અને કચ્છ વિસ્તાર વચ્ચેના વેપાર, ઉદ્યોગ અને પ્રવાસન ક્ષેત્રને મોટી રાહત મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. મુસાફરો માટે ઝડપી અને સુવિધાજનક મુસાફરીનો વિકલ્પ ઉપલબ્ધ બનતા બંને શહેરો વચ્ચેનો સંપર્ક વધુ મજબૂત બનશે.

# વરિયાવી બજારમાં જર્જરિત મકાનની દિવાલ અને સ્લેબનો ભાગ ધરાશાયી

**પહેલા** માળે કાટમાળમાં દબાયેલા વૃદ્ધાનું ફાયર જવાનો દ્વારા રેસ્ક્યુ કરાયું, ખભે ઊંચકીને નીચે ઉતારાયાં



સુરતઃ શહેરના મુગલીસરા વિસ્તારમાં આવેલી વરિયાવી બજાર પોલીસ ચોકી પાસે આવેલા એક જર્જરિત મકાનની દીવાલ અને સ્લેબનો ભાગ મોડી રાત્રે ધરાશાયી થઇ ગયો હતો. દીવાલનો કાટમાળ પડવાનો આવાજ સાંભળી ભર ઊંઘમાંથી સ્થાનિક લોકો જાગી ગયા હતા તેમજ ઘટનાને પગલે સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી. એટલું જ નહીં પહેલા માળે એક વૃદ્ધા પણ ફસાઈ ગયાં હતાં. જો કે, ઘટના અંગે જાણ કરવામાં આવતાં ફાયર બ્રિગેડના બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને પહેલા માળ ઉપર ફસાયેલાં વૃદ્ધાને ખભા ઉપર ઊંચકીને જવાનો દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ વરિયાવી બજાર પોલીસ ચોકી ક્રિષ્ણા મંદિર પાસે ગ્રાઉન્ડ ફ્લોર લઈને પહેલા માળ સુધીનું મકાન હતું. આ મકાન જૂનું અને જર્જરિત થઇ ગયું હતું. જ્યારે ભાડુઆત તરીકે પહેલા માળ પર 80 વર્ષીય વૃદ્ધા હરિબેન જેરામ નકુમ રહેતાં હતાં. દરમિયાન મોડી રાત્રે 4 વાગ્યે અચાનક મકાનની દીવાલ અને પતરાંનો ભાગ ધરાશાયી થઈ ગયો હતો. એક બાજુ દીવાલનો કાટમાળ પડવાનો આવાજ સાંભળીને સ્થાનિક રહીશો ભર ઊંઘમાંથી જાગી ગયા હતા, ઘટનાને પગલે સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી. એટલું જ નહીં પહેલા માળ ઉપર વૃદ્ધા કાટમાળમાં દબાઈ ગયા હતા. જો કે, ઘટના અંગે જાણ કરવામાં આવતાં ફાયર બ્રિગેડ જવાનનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. ત્યારે વૃદ્ધ હીરાબેનનું પહેલા માળ પર કાટમાળમાં તેમનો એક પગ દબાયેલો હતો. ફાયર બ્રિગેડના જવાનો દ્વારા રેસ્ક્યુની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને સબ ફાયર ઓફિસર બળવંત દ્વારા પહેલા માળેથી વૃદ્ધાને ખભે ઊંચકીને સહીસલામત નીચે લાવવામાં આવ્યાં હતાં. બાદ 108 એમ્બ્યુલન્સ દ્વારા તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં તેમજ ફાયર જવાનો દ્વારા કાટમાળ હટાવી સમગ્ર સ્થિતિને નિયત્રંણમાં લઈ લેવામાં આવી હતી. સદ્નસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ફેમિલી ફિઝિશિયન એસો., ડીડૂ મહેશ્વરી વણિક જ્ઞાતિ દ્વારા 'બુઝર્ગો કા હમસફર' કાર્યક્રમ યોજાયો



સુરતઃ સુરતના ફેમિલી ફિઝિશિયનએસો. દ્વારા શ્રી ડીડૂ મહેશ્વરી વણિક જ્ઞાતિના સભ્યો સાથે 'બુઝુર્ગો કા હમસફર' કાર્યક્રમ અડાજણના લાયન્સ કોમ્યુનિટી હોલ ખાતે યોજવામાં આવ્યો હતો.જેમાં સંસ્થાના પ્રમુખ સુહાસ સુરકાથાએ આવકાર, સેક્રેટરી જતીન શ્રોફ તેમજ ખજાનચી શ્રીમતી રૂપાલી શ્રોફે મહેમાનોનું ફૂલોથી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ડો. જયેશ તમાકુવાલા, ડો. હરેશ ભાવસાર, ડો. સંજય શાહ, ડો. દિપક અને પિંકી મોદી તેમજ ડો.જયેન્દ્ર અને પારુલ કાપડિયાએ વીતેલા જમાનાના લોકપ્રિય ગીતો રજૂ કર્યા હતા. તબીબો દ્વારા હૃદયરોગ, બ્લડપ્રેશર, ડાયાબિટીસ, સીપીઆર, થાઈરોઈડ, લકવો તેમજ વરિષ્ઠ નાગરિકોમાં રસીકરણ જેવા ગહન રોગોના નિદાન અને નિવારણ વિશે સભ્યોને માહિતગાર કરવામાં આવ્યા હતા. સંચાલન ડો.જયેન્દ્ર કાપડિયા અને આભારવિધિ ટ્રસ્ટી રાકેશ પોપાવાલાએ કરી હતી.

### માતુશ્રી કાશીબા ગોટી ટ્રસ્ટ દ્વારા રાઉલેંકમાં સરસ્વતીધામનું લોકાર્પણ કરાયું



સુરતઃ સુરતના માતુશ્રી કાશીબા ગોટી ટ્રસ્ટ દ્વારા ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લાના રાઉલેંકમાં 256મા સરસ્વતીધામ માતુ શ્રી સંતોકબા લાલજીદાદા ધોળકિયાનું લોકાર્પણ કરાયું હતું. ભવનના સહયોગી દાતા જયંતીભાઈ વી. નારોલા અને ટ્રસ્ટના શુભચિંતક શ્રીમતી જીવંતી દેવી ખોયાલનું સન્માનપત્ર અર્પણ કરીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી સુનીલ ભગતજી (અધ્યક્ષ, શ્રી સ્વામિનારાયણ આશ્રમ - હૃષીકેશ), ભદ્રાયુભાઈ વછરાજાની, રાજેશકુમાર ધામેલિયા, ચંડીપ્રસાદ ભટ્ટજી વગેરેએ શિક્ષણનું મહત્ત્વ અને ટ્રસ્ટનાં ઉમદા કાર્યો વિશે પ્રાસંગિક વાત કરી હતી. આ પ્રસંગે છગનભાઈ સિમેડિયા અને કર્મયોગી રોહિતભાઈ સાવલિયા, ધીરુભાઈ ગોટી તેમજ શાળાના કર્મચારીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન રાજેશકુમાર ધામેલિયાએ કર્યું હતું.

### જૈનાચાર્ય ભુવનભાનુસૂરિજી મહારાજનું જીવન ડિપાર્ટમેન્ટલી સ્ટોર જેવું હતું: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ મલાડ (પૂર્વ)ના કેશવ શિવ એવન્યુના હીરસૂરિજી જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિશ્રમણ ભગવંતોની પાવન પધરામણી થઈ હતી. આ રૂડા અવસરે વર્ધમાનતપોનિધિ, ન્યાયવિશારદ આચાર્ય ભુવનભાનુસૂરિજી મહારાજની 115મી જન્મતિથિની ઉજવણી પ્રસંગે વિરાટ ગુણાનુવાદની સભાનું આયોજન થયું હતું. જેમાં આચાર્ય પ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, મહાપુરુષોના જીવન 'આઈસબર્ગ' જેવા હોય છે. બહારની આકૃતિ કરતાં પણ ક્યારેક વ્યક્તિની કૃતિ અને પ્રકૃતિ મહાન હોય છે. જૈનાચાર્ય ભુવનભાનુસૂરિજી મહારાજનું જીવન ડિપાર્ટમેન્ટલી સ્ટોર જેવું હોય છે. બહુમુખી પ્રતિભા ધરાવનાર તેમનાં જીવનમાં અનેકવિધ વિશેષતાઓ હતી. ઉત્તમ મહાપુરુષોના ગુણગાન કરતાં જીવનમાં ઉત્તમતાનું પ્રાગટ્ય થાય છે.

# સુરત મહાનગરપાલિકા ચૂંટણી સંગ્રામ-2026

## વોર્ડ નં.1 (જહાંગીરપુરા-વરીયાવ-છાપરાભાઠા-કોસાડ)

# SIRમાં 30 હજાર જેટલા મતદારો ઘટતાં જીતની દિશા અનિશ્ચિત

સુરત : છેલ્લા 10 વર્ષથી ભાજપનો ગઢ બની ગયેલા અને જહાંગીરપુરા-વરીયાવ-છાપરાભાઠા-કોસાડના વિસ્તારોનો સમાવેશ કરતાં વોર્ડ નં.1 માં આ વખતે ભાજપે જાગતા રહેવું પડે તેવી સ્થિતિ છે. 10 પહેલા આ વોર્ડમાં કોગ્રેસનો દબદબો હતો પરંતુ બાદમાં નવા સીમાંકનમાં સ્થિતિ બદલાઈ ગઈ હતી. હવે SIR બાદ પ્રસિદ્ધ થયેલી નવી મતદારયાદીએ ભાજપના નેતાઓને દોડતાં કરી દીધા છે. કેમકે અગાઉ અહી કુલ 1,26,537 મતદારો અને 119 બુથ હતા પરંતુ નવી મતદારયાદીમાં આ વોર્ડમાં 96,448 મતદારો રહ્યા છે અને બુથની સંખ્યા પણ ઘટીને 101 થઇ જવા પામી છે.

વર્ષ 2021માં અહીથી ભાજપના ગીતાબેન સોલંકી, ભાવિશાબેન પટેલ, અજીત પટેલ અને રાજેન્દ્ર પટેલ જીત્યા હતા. જયારે બીજા નંબરે અહી આમ આદમી પાર્ટીના ચારેય ઉમેદવારો રહ્યા હતા અને કોંગ્રેસ છેક ત્રીજા નંબરે રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 112975 મતો મળ્યા હતા. જયારે આમ આદમી પાર્ટીના પહેલી વખત ચુંટણી લડનાર ઉમેદવારોને 45459 મતો મળ્યા હતા. આમ બન્ને વચ્ચે 67 હજારથી વધુ મતોનું અંતર હતું પરંતુ આ વખતે ઘટી ગયેલા મતદારોને કારણે ભરેલા નાળિયેર જેવી અને આ નાળિયેર કોની તરફે પડે તેવી અસમંજસની સ્થિતિ છે.

આ વોર્ડમાં ભૂતકાળમાં એવું પણ બન્યું છે કે જ્યારે મહિલા અનામત એક જ હતી ત્યારે બે મહિલા પણ જીતી હતી. જેને કારણે આ વોર્ડ ભૂતકાળમાં પણ રાજકારણીઓ માટે મહત્વનો રહ્યો છે. એક સમયે આ વોર્ડમાં કોંગ્રેસ પણ મજબૂત હતી.

### જાતિગત સમીકરણ અને વસ્તીનું માળખું

» **કોળી પટેલઃ** આ વિસ્તારમાં કોળી પટેલ સમાજની મોટી વોટબેંક છે, જે પરંપરાગત રીતે નિર્ણાયક ગણાય છે.
» **પાટીદાર સમાજઃ** જહાંગીરપુરા અને તેની આસપાસની નવી સોસાયટીઓમાં પાટીદાર મતદારોનું વર્ચસ્વ વધ્યું છે.
» **લઘુમતી અને એસ.સી.મતોઃ** કોસાડ આવાસ અને છાપરાભાઠાના અમુક વિસ્તારોમાં લઘુમતી અને અનુસૂચિત જાતિના મતદારોની સંખ્યા નોંધપાત્ર છે.
» **પરપ્રાંતિય શ્રમિકોઃ** કોસાડ આવાસમાં રહેતા ઉત્તર ભારતીય અને ઓડિશાના શ્રમિકો પણ મોટું ફેક્ટર છે.

### આ વોર્ડમાં પ્રાથમિક સુવિધા-ટ્રાફિકની સમસ્યા મુખ્ય મુદા રહેશે

આ વોર્ડમાં શિક્ષણ અને આરોગ્યના મુદ્દાઓ તો છે, પરંતુ સાથે સાથે કોસાડ આવાસમાં સફાઈ અને ડ્રેનેજની સમસ્યા, જહાંગીરપુરા વિસ્તારમાં ટ્રાફિક અને છાપરાભાઠામાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ મુખ્ય ચૂંટણી મુદ્દા બની રહ્યા છે. ઉપરાંત છાપરાભાઠા વિસ્તારમાં ગંદકી અને મચ્છરોનો ત્રાસ, કોસાડમાં અસામાજિક પ્રવૃતિઓ અને વરિયાવમાં તબેલાઓની ગંદકીથી તાપી નદીમાં વધી રહેલું પ્રદુષણના પ્રશ્નો પણ ચૂંટણીમાં ભાગ ભજવશે.

### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

| | |
|---|---|
| પુરુષ મતદારો | 50941 |
| સ્ત્રી મતદારો | 45461 |
| કુલ મતદારો | 96,448 |

### વોર્ડની ભૌગોલિક સ્થિતિ

આ વોર્ડ ભેંસાણથી ચાલુ કરી સેગવા વસવારી ગોથાણ થઇ કોસાડ પુરો થાય છે. ત્યાંથી છાપરાભાઠા અને વરીયાવ ગામનો પણ આ વોર્ડમાં સમાવેશ કરાયો છે. પશ્ચિમે ભેંસાણથી લઇને કોસાડ ઉતર દિશામાં ગોથાણ થઇ સેગવા થઇ ફરી પહોંચી ભેંસાણમાં આ વોર્ડ પુરો થાય છે.



# આજે રાત્રે મનપા માટે ભાજપ ઉમેદવારો જાહેર કરે તેવી શકયતા

**વોર્ડમાં** રહેતા દાવેદારને જ ટીકીટ અપાશે, અનેક કપાઈ જવાની સંભાવના

**ગોડફાધરની** આંગળી પકડી ટીકીટવાંચ્છુઓનુ લોબીંગ ચરમસીમાએ

સુરત : ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને ચાલી રહેલા ત્રણ દિવસીય પાર્લામેન્ટરી બોર્ડમાં ગુરૂવારે સાંજે 6 વાગ્યે ખાસ સુરતના દાવેદારોના નામ પર ચર્ચા કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આવતીકાલે મોડી રાત્રે જ ઉમેદવારોના નામ પર અંતિમ મહોર મારીને યાદી જાહેર કરવામાં આવી શકે છે.

ભાજપે આ વખતે ઉમેદવાર પસંદગીમાં એક નવો અને કડક માપદંડ અપનાવ્યો છે. જે તે વોર્ડમાં રહેતા હોય તેવા જ સક્રિય કાર્યકરોને ટિકિટ આપવાનો નિર્ણય લેવાયો છે. અત્યાર સુધી અન્ય વોર્ડમાં રહેતા હોવા છતાં અન્ય સુરક્ષિત વોર્ડમાંથી ચૂંટણી લડનારા 'આયાતી' નેતાઓ માટે આ વખતે મુશ્કેલી સર્જાઈ શકે છે. આ નવા નિયમને કારણે સુરતના અનેક મોટા ગજાના નેતાઓ કે જેઓ પોતપોતાના વોર્ડ છોડી બીજા વોર્ડમાં નસીબ અજમાવવા માંગતા હતા, તેઓ દોડતા થઈ ગયા છે.

ભાજપે અગાઉથી જ નક્કી કરેલા માપદંડો–જેમ કે 60 વર્ષથી વધુ વય નહીં અને સતત 3 ટર્મ સુધી કોર્પોરેટર રહ્યા હોય તેમને ટિકિટ નહીં–તેના કારણે અનેક પૂર્વ કોર્પોરેટરોમાં નારાજગી જોવા મળી રહી છે. બીજી તરફ, પોતાની ટિકિટ કન્ફર્મ કરાવવા માટે દાવેદારોએ 'ગોડફાધર' સમાન મોટા નેતાઓનો સહારો લઈને લોબિંગ તેજ કર્યું છે.

### બંને પૂર્વ મેયરને પણ ભાજપ ફરીથી ચૂંટણી લડાવે તેવી શકયતા

ભાજપના નિરિક્ષકો સમક્ષ અમુક મહાનગર પાલિકાઓમાં વર્તમાન ટર્મના મેયરોએ પણ ટિકીટ માટે દાવેદારી કરી છે. મેયરપદ એટલે કે શહેરના પ્રથમ નાગરિક બન્યા બાદ ફરીથી નગરસેવક બનવું ડીગ્રેડ થવા જેવું ગણાય છે. જો કે આ ભાજપ નવી ટર્મમાં અનુભવી નેતાઓના અનુભવનો વહીવટમાં ઉપયોગ કરવા માટે મહાનગર પાલિકાઓના મેયર પદે સારૂં પરફોર્મન્સ બતાવનારા મેયરોને ફરીથી ચૂંટણી લડાવે તેવી ચર્ચા ભાજપના વર્તુળોમાં છે. ત્યારે પુર્ણ થયેલી ટર્મના સુરતના બન્ને મેયર હેમાલી બોઘાવાલા અને દક્ષેશ માવાણીએ ટિકીટ માટે દાવેદારી નથી કરી પરંતુ તેમનું પરફોર્મન્સ જોતા તેને ફરીથી ચૂંટણી લડાવાયા તેવી શકયતા જોવાઇ રહી છે.

**છેલ્લી તારીખ નજીક આવતાં ચૂંટણી માહોલ ગરમાયો**

# કોંગ્રેસ-અપક્ષો ફોર્મ ભરી ગયા, છેલ્લા બે દિવસમાં દોડાદોડી થશે

**વોર્ડ નં.5** અને 18માં અપક્ષે શરૂઆત કરી,

સુરતઃ સુરત મહાનગરપાલિકા સહિત નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થયા બાદ હવે રાજકીય ચહલપહલ તેજ બની રહી છે. શરૂઆતના દિવસોમાં શાંતિપૂર્ણ માહોલ વચ્ચે હવે અપક્ષ ઉમેદવારો આગળ આવી રહ્યા છે, જ્યારે મોટા રાજકીય પક્ષોના દાવેદારો હજુ સત્તાવાર જાહેરાતની રાહ જોઈ રહ્યા છે.

ત્રીજા દિવસે મનપાના વોર્ડ નં.૫માં અપક્ષ ઉમેદવાર નીતિન મોદ અને ૧૮માં અપક્ષ ઉમેદવાર અરવિંદ મિસ્ત્રીએ ફોર્મ ભરીને પોતાની દાવેદારી નોંધાવી છે. હજીરાનં.1માં કોંગ્રેસના રોહિત પટેલ તેમજ કામરેજમાં કોંગ્રેસના જસુબેન ભાગાભાઈએ ફોર્મ ભર્યા છે. આ સાથે ચોર્યાસી તાલુકા પંચાયતની બેઠકો માટે પણ બે અપક્ષ ઉમેદવારો મેદાનમાં ઊતર્યા છે. હાલ ભાજપ સહિતના મુખ્ય રાજકીય પક્ષોએ ઉમેદવારોની યાદી જાહેર કરી નથી. જો કે, રાજકીય વર્તુળોમાં ૯મી એપ્રિલ આસપાસ લિસ્ટ જાહેર થવાની ચર્ચાઓ જોર પકડી રહી છે. જો આવું બને તો ૧૦ અને ૧૧ એપ્રિલના બે દિવસમાં ઉમેદવારી ફોર્મ ભરવા માટે ભારે દોડધામ જોવા મળી શકે છે.

## વોર્ડ નં.2 (અમરોલી-મોટા વરાછા-કઠોર)

# મોટા વોર્ડ પૈકી આ વોર્ડમાં 10 વર્ષથી ભાજપ જીત્યું જ નથી!

સુરતઃ આ વોર્ડ સુરતના મોટા વોર્ડ પૈકીનો એક છે. કેટલીક વિધાનસભાની બેઠકો કરતાં પણ વધુ મતદારો આ વોર્ડમાં છે. ગત ચૂંટણીમાં પાટીદારોના મતના ઝુકાવને પગલે આપના તમામ ઉમેદવારો આ વોર્ડમાં જીત્યા હતા. જ્યારે કોંગ્રેસના મોટાભાગના ઉમેદવારોની ડિપોઝીટ ડૂલ થઈ હતી. વર્ષ 2021માં અહી મતદારોની સંખ્યા 1,73,517 હતી પરંતુ હવે SIR બાદ મતદારોની સંખ્યા ઘટીને 1,56,049 થઈ ગઈ છે. ઘટેલા મતદારોને કારણે જીતની આશા ભાજપના ઉમેદવારો રાખી રહ્યાં છે. ગત ચૂંટણીમાં આપના ચારેય સભ્યોને મળીને કુલ 1,65,611 મતો મળ્યા હતા. જ્યારે ભાજપને કુલ 1,00,420 મતો મળ્યા હતા. આ એવો વોર્ડ છે કે જ્યાં છેલ્લા 10 વર્ષમાં ભાજપ ક્યારેય જીત્યું નથી. આ વોર્ડમાં જ્ઞાતિના સમીકરણો જ કામ કરે છે. જેને પાટીદારો પસંદ કરશે તે જ આ વોર્ડમાં જીતશે તેવી સંભાવના જોવામાં આવી રહી છે. અનામત આંદોલનમાં પણ આ વોર્ડ એપી સેન્ટર હતું.

### પાટીદારો મતદારોનું વર્ચસ્વ પણ પ્રજાપતિ અને પછાત મતદારો પણ નિર્ણાયક

» વોર્ડ નં. 2 એ સુરતનું 'પાટીદાર પાવર સેન્ટર' ગણાય છે. અહીં જ્ઞાતિગત સમીકરણો એકતરફી હોવા છતાં રાજકીય રીતે ખૂબ જ ગરમાવો ધરાવે છે.
» આ વોર્ડમાં 80%થી વધુ વસ્તી સૌરાષ્ટ્રવાસી પાટીદારોની છે. હીરા ઉદ્યોગ અને રત્નકલાકારોનો આ મુખ્ય ગઢ છે. કોઈપણ પક્ષની જીતનો પાયો અહીં પાટીદાર મતો જ નક્કી કરે છે.
» **પ્રજાપતિ અને ઓબીસીઃ** અમરોલી અને છાપરાભાઠાના જૂના વિસ્તારોમાં પ્રજાપતિ અને અન્ય પછાત વર્ગના મતો છે, જે હાર-જીતના માર્જિનમાં મહત્વના સાબિત થાય છે.
» **પરપ્રાંતિય અને શ્રમિકોઃ** ઉતરાણ અને અમરોલીના અમુક વિસ્તારોમાં અન્ય રાજ્યોના શ્રમિકો પણ વસેલા છે.
» **સ્થાનિક સુરતીઓઃ** કઠોર અને વાલક જેવા ભળેલા નવા વિસ્તારોમાં સ્થાનિક ખેડૂત પરિવારો અને ગ્રામ્ય પૃષ્ઠભૂમિ ધરાવતા મતદારો છે.
» **મોટા વરાછાઃ** મોટા વરાછા વિસ્તારના મતદારો જ આ વોર્ડમાં પરિણામ નક્કી કરશે. કારણ કે આ વોર્ડમાં મોટા વરાછાના વધુ મતદારો હોવાને કારણે તેઓ જીતની દિશા નક્કી કરે છે.

### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

| | |
|---|---|
| પુરુષ મતદારો | 82413 |
| સ્ત્રી મતદારો | 73636 |
| કુલ મતદારો | 1,56,049 |

### આ વોર્ડમાં ટ્રાફિક, સફાઇ, ગેરકાયદે બાધકામની સમસ્યા, નવા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધા સહિતના પ્રશ્નો

આ વોર્ડના અમરોલી વિસ્તારમાં ગીચતા, ગેરકાયદે બાંધકામો, સફાઇના પ્રશ્નો છે. તો મોટા વરાછામાં ટ્રાફિકની સમસ્યા, પબ્લિક ટ્રાન્સપોર્ટની ઓછી કનેક્ટિવિટીઅને મનપા દ્વારા ભાજપના કાર્યકરોને ફાળવાયેલા પ્લોટમાં વધી રહેલા ન્યુસન્સ સામે સ્થાનિક રહેવાસીઓની નારાજગી, બ્રિજની કામગીરીમાં વિલંબ અને ખાનગી શાળાઓની ફી જેવા મુદ્દાઓ ભાજપ સહિતના તમામ માટે પડકારજનક છે. કઠોર સહિતના નવા વિસ્તારોમાં પાંચ વર્ષ થઈ જવા છતાં પણ પ્રાથમિક સુવિધાઓ પહોંચી નથી. વેલંજા અને આસપાસના વિસ્તારોમાં ખુલ્લી ગટરો અને ગંદા પાણીની સમસ્યા પણ ગત ટર્મમાં વિપક્ષોએ ઉઠાવી હતી.

### વોર્ડની ભૌગોલિક સ્થિતિ

અમરોલીથી શરૂ થતો આ વોર્ડ છેક કઠોર થઇ રંગોલી ચોકડી અને ત્યાંથી મોટા વરાછા તાપી નદીનો સુધીનો વિસ્તાર સળંગ લંબાઇમાં અમરોલી સુધીનો છે. જેમાં કઠોર ઉપરાંત ગોથાણ, વેલંજા ચોકડી, રંગીલા ચોકડી, ઉત્રાણ ગામ સહિતનો વિસ્તારનો સમાવેશ થાય છે.

